PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૩/ક્વા–૦૧/૧૮–૧૯/ 9639-2 તા. 9/-09-1

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ભીખાભાઈ જીવરાજભાઈ આસોદરીયા,
ગામ: આંકોલવાડી
તા.તાલાલા (ગીર)
જી: સોમનાથ (વેરાવળ)
મો: ૯૭૭૯૧ ૧૪૮૩૦

વિષય :–ભાવપત્રક ભરપાઈ થયા મુજબ ખેત જોડાણ મેળવવા અંગે
સંદર્ભ:– આપની અરજી તા. ૧૬–૦૫–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૩/ક્વા–૦૧/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાવેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી. પીજીવીસીએલ. વિભાગીય કચેરી વેરાવળ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે

(૩) નાયબ ઈજનેર શ્રી. પીજીવીસીએલ. પેટા વીભાગીય કચેરી.તાલાલા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૪૭/કવા–૦૧/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૦૬–૦૭–૧૮ સ્થળ : જુનાગઢ

**પક્ષકાર નં. :–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ભીખાભાઈ જીવરાજભાઈ આસોદરીયા, ગામ: આંકોલવાડી**

**રજુઆત કરનાર: અરજદાર ભીખાભાઈ જીવરાજભાઈ આસોદરીયા હાજર રહેલ છે**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં. : –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,તાલાલા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)**

**રજુઆત કરનાર :ડી.વી.લાખાણી કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી વેરાવળ**

## : હુકમ :

**ફરીયાદ : ભાવપત્રક ભરપાઈ થયા મુજબ ખેત જોડાણ મેળવવા અંગે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, જીવરાજભાઈ આસોદરીયા ની માલીકીની વાડલા (ગીર) ગામની સીમ જમીન સર્વે નંબર: ૮૭ પૈકી ની જમીનમાં ખેતીવાડી વીજ જોડાણની માંગણી કરતા – પીજીવીસીએલ ની સબંધક કચેરીએ સર્વે કરી તા.૧૩–૦૨–૨૦૦૯ ના રોજ રૂ.૧૯,૧૨૦/– નુ ભાવપત્રક આપેલ હતુ. જે ભાવપત્રક તેઓએ ભરપાઈ કરી આપેલ હતુ. ત્યારબાદ, રી – સર્વે માટે ની રકમ તા.૧૪–૦૮–૧૨ થી ભરપાઈ કરેલ હોવા છતા – તેઓને વીજ જોડાણ મળેલ નથી. [illegible] – તેઓને પારાવાર નુકશાની થયેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ ૮ ખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે |
| ૨.૧ | • (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ જણાવાયેલ કે – શ્રી જીવરાજભાઇ લાખાભાઈ આસોદરીયા મુ. આંકોલવાડી ને નવા ખેતી વિજ જોડાણ સર્વે નંબર: ૮૭ મા મેળવવા માટે રૂ.૧૦૦/– રસીદ નંબર: ૭૦૪૯૬ થી તા.૨૨–૦૭–૧૯૯૧ ના રોજ ભરપાઈ કરેલ છે. ગામ નમુનો – હકક પત્રક નં–૬ ની નોધણી નંબર: ૫૫૬ તા.૨૨–૦૫–૧૯૮૦– મુજબ સર્વે નંબર: ૮૭ મા કુલ જમીન ૬ એકર ૧૫ ગુઠા – શ્રી રણછોડ ભગવાન ના નામ પરથી શ્રી જીવરાજભાઇ લાખાભાઈ ના નામે થયેલ છે.<br>• (૨) ત્યારબાદ, નોંધણી નંબર:૭૧૧ મુજબ – શ્રી જીવરાજભાઇ લાખાભાઈ ની હૈયાતી માં – તેઓના એકજ પુત્ર શ્રી ભીખાભાઇ જીવરાજભાઇ ને સર્વે નંબર: ૮૭ ની જમીન માથી અંશત જમીન સર્વે નંબર: ૮૭/ પૈકી ૧ મા –૦૨–૦૦, બે એકર ( જમીન) ખાતે કરેલ. સર્વે નંબર: ૮૭ ની બાકી ની જમીન – ૪.૧૫ એકર જીવરાજભાઇ લાખાભાઈ ના નામે રાખવામા આવેલ. ગામ નમુનો – હકક પત્રક નં–૬ ની નોધણી નંબર: ૧૩૪૦ તા.૨૫–૦૧–૨૦૦૮ ની નોધ મુજબ – શ્રી જીવરાજભાઇ લાખાભાઈ આસોદરીયા – તા.૨૩–૦૫–૨૦૦૨ ના રોજ અવસાન થયેલ છે.<br>• (૩) અરજદાર ની અરજી અન્વયે – રેકર્ડ ચેક કરતા સદરહુ જોડાણ નુ એસ્ટીમેટ ભરપાઇ થયેલ છે જે અંગે તાલાળા ના નાયબ ઇજનેર ના પત્ર તા: 19.06.18 અનુસાર જીપી રજીસ્ટર ઉપલબ્ધ છે. જે રેકોર્ડ મુજબ અરજદાર રસીદ નં 0578890 તા: 13.02.09 થી DX1 કેટગરી માં એસ્ટીમેન્ટ ભરપાઇ થયેલ છે. ઉપરોકત સદર અરજી ની અસલ કેઈસ ફાઈલ – હાલ ઉપલબ્ધ નથી. તેમજ જે તે વખતે ભાવપત્રક અપાયેલ અને અરજદાર દ્વારા ભરપાઈ થયેલ – ત્યારે પેટા વીભાગીય કચેરી,તાલાલા મા નાયબ ઈજનેર તરીકે – શ્રી જે.સી.રૈયાણી ફરજ બજાવતા હતા. ત્યારબાદ જુન–૨૦૦૯ થી પેટા વીભાગીય કચેરી તાલાલા નુ બાયફરગેશન થતા આંકોલવાડી સબડીવીઝન અસ્તીત્વમા આવતા – સદર |

અરજી આંકોલવાડી સબડીવીઝન હેઠળ ના કાર્યક્ષેત્ર મા આવે છે

- (૪) વધુમા અરજદાર દ્વારા તા.૧૪–૦૮–૧૨ ના રોજ રૂ.૨૦૦/– રસીદ નંબર: ૭૯૦૩૦ ઉપરોકત અરજી ના અનુસંધાને – રી– સર્વે માટે ભરપાઈ કરાયેલ છે. મુળ અરજદાર જીવરાજભાઇ લાખાભાઈ આસોદરીયા તા.૨૩–૦૫–૨૦૦૨ ના રોજ અવસાન થયેલ હોય, પિયત માટે નુ કુવો સંયુકત માલીકીનો છે
- (૫) વિશેષ માં અરજદાર ના માગણી વાળા સ્થળ ની મુલાકાત લેતા તેઓને હાલ–બાજુ ના ખેતર મા જે નવુ ટ્રાન્સફોર્મર ઉભુ થયેલ છે તેમાથી 260 મીટર 11 kv લાઇન નાખી–વિજ જોડાણ જંગલખાતા ની જગ્યા માં ન આવે તે રીતે આપી શકાય તેમ છે.
- (૬) રેકર્ડ ની ચકાસણી કરવામા આવતા – મુળ અરજદાર હૈયાત ન હોય – સદર અરજી ના અનુસંધાને નામ બદલી કરવુ જરૂરી છે, અહી એક કરતા વધુ – સીધીલીટી ના વારસદારો હોય – હકકદાર સિવાયના અન્ય વારસદારો ના લેખીત સંમતીપત્ર જરૂરી બને છે
- (૭) સદરહુ જગ્યા પર શ્રી ભીખાભાઇ જીવરાજભાઇ આસોદરીયા ને નવા ખેતીવાડી વિજ જોડાણ માટે શ્રી નાગજીભાઇ પ્રેમજીભાઇ ગેડીયા ના ટીસી પાસેથી મંજુલાબેન અરભમભાઇ કોડીયાતર ને શેઢા સુધી 6 પોલ તથા અરજદાર ના ડેલા પાસે એક પોલ ઉભો થયેલ જોઇ શકાય છે. મંજુલાબેન અરભમભાઇ કોડીયાતર ના ખેતર થી અરજદાર ના ડેલા વચ્ચે 50 મીટર વિસ્તાર માં જંગલખાતા નો વિસ્તાર આવે છે તથા અરજદાર ની હાજરી માં સર્વે કરતા ત્રણ દિશામાં જંગલ વિસ્તાર આવે છે. આમ જેસે સમથે જંગલખાતા ના વિસ્તાર માં લાઇન આવતી હોય અને કામ ના થઇ શકયુ હોય તેમ જણાયેલ છે.

<u>મુદ્દા ન.–૩ :</u> **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે |
| <u>૩.૧</u> | • અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ નાં પેટા મુદ્દા નં. (૧) થી (૫) મુજબ ની વિગતે, શ્રી જીવરાજભાઇ લાખાભાઈ આસોદરીયા મુ. આંકોલવાડી ને નવા ખેતી વિજ જોડાણ સર્વે નંબર: ૮૭ મા મેળવવા માટે રૂ.૧૦૦/– રસીદ નંબર: ૭૦૪૮૬ થી તા.૨૨–૦૭–૧૯૯૧ ના રોજ ભરપાઈ કરેલ છે. જે અનુસંધાને – મુળ અરજદાર જીવરાજભાઇ લાખાભાઈ આસોદરીયા તા.૨૩–૦૫–૨૦૦૨ ના રોજ અવસાન થયેલ હોય, તેમના સીધીલીટી ના વારસદારો – હકક પત્રક નં–૬ ની નોંધણી – ૧૩૪૦ તા.૨૫–૦૧–૨૦૦૮ ની નોંધ મુજબ – (૧) રળીયાતબેન જીવરાજભાઇ(પુત્રી) —(૨) મુકતાબેન જીવરાજભાઇ(પુત્રી) — (૩) વિજયાબેન જીવરાજભાઇ(પુત્રી) (૪) રસીલાબેન જીવરાજભાઇ(પુત્રી) (૫) ભીખાભાઈ જીવરાજભાઇ(પુત્ર) – વારસદારો ના નામ દાખલ કરાયેલ.<br>• (૨) ત્યારબાદ હકક પત્રક નં–૬ નોંધણી ક્રમ– ૧૮૭૭ તા.૦૪–૦૬–૧૫ મુજબ – (૧) રળીયાતબેન જીવરાજભાઈ (પુત્રી) —(૨) મુકતાબેન જીવરાજભાઈ (પુત્રી) — (૩) વિજયાબેન જીવરાજભાઈ (પુત્રી) (૪) રસીલાબેન જીવરાજભાઈ (પુત્રી) (૫) ભીખાભાઈ જીવરાજભાઈ (પુત્ર) ના નામે જમીન સર્વે નંબર: ૮૭ પૈકી ૧ હે.આરે. ૧–૭૭–૦૫ – માથી ખાતેદારો (૧) રળીયાતબેન જીવરાજભાઈ (પુત્રી) —(૨) મુકતાબેન જીવરાજભાઈ (પુત્રી) – (૩) વિજયાબેન જીવરાજભાઈ (પુત્રી) (૪) રસીલાબેન જીવરાજભાઈ (પુત્રી) પોતાનો હકક જતો કરેલ છે.<br>• (૩) ઉપરોકત મુદ્દા નં.૨.૧ ના પેટા મુદ્દા નં. (૫) અને (૬) મુજબ ની વિગતે – મુળ અરજદાર હૈયાત ન હોય – તેમના સીધીલીટી ના હકકદાર વારસદાર ના નામે – નામ બદલી ની નિયમાધીન કાર્યવાહી – અરજદાર દ્વારા કરવાની રહેશે. જે અરજી ની નોંધણી થયેથી – જરૂરી તમામ કાર્યવાહીઓ જેમકે કરારનામુ, ટેસ્ટ રીપોર્ટ વગેરે – પૂર્ણ થયેથી – સવાલવાળી જમીન માં માંગણી મુજબ નુ ખેતીવાડી વીજજોડાણ અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૬૦ મા પૂર્ણ કરવા સખત નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે<br>• (૪) અરજદાર ની નવા ખેતીવાડી વીજજોડાણ માટે ના ભાવપત્રક ની રકમ તા.૧૩–૦૨–૨૦૦૮ ના રોજ થી ભરપાઈ કરાયેલ હોય – ત્યારબાદ ની સદર વીજજોડાણ બાબતે ની કાર્યવાહી થયેલ હોય તે અંગે ની કોઈ રજુઆત (પુરાવાને આધિન) અત્રેના ફોરમ ને અપામેલ નથી. આમ, આવા અક્ષમ્ય વિલંબીતપણા હેઠળ ની બાબત ને – કોઈપણ પ્રકારે નજરઅંદાજ કરી શકાય તેમ ન હોય – જેથી કસુરવાર કર્મચારી સામે નિયમાધીન કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે ખાસ સુચિત કરવામા આવે છે |

મુદ્દા નં.-૪

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફારમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ ના પેટા મુદ્દા નં. (૩) અને (૪) મુજબ ની વિગતેની કાર્યવાહી કરવાની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોવ તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નાયબ ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રણ આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સંબંધિત હોય તો, સદર રકમ ૩૩% રકમ વીજકંપનીમાં સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં કરવો જરૂરી છે.